# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ રેલ્વે ડિવીઝન DRUCC ની મળેલ મિટીંગમાં રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ વેસ્ટર્ન રેલ્વેની ડિવીઝનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટી કમિટી (DRUCC) ની તા.૨૮-૧૦-૨૦૨૪ ના રોજ મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે રાજકોટ વેસ્ટર્ન રેલ્વે ડિઆરએમશ્રી અશ્વનીકુમાર તથા DRUCC-સેક્રેટરી અને સિનીયર ડિસીએમશ્રી સુનિલકુમાર મિનાને નીચે મુજબના વિવિધ પ્રશ્નો-સુચનો રજુ કરવામાં આવેલ.

સૌરાષ્ટ્ર મેઈલનો જે મુળભુત સમય સાંજે ૬:૩૦ વાગ્યાનો હતો તે મુજબ કરવો. તથા તા.૨૬-૪-૨૦૨૪ ના રોજ રાજકોટ ચેમ્બર દ્વારા "વિકાસીત ભારત ૨૦૪૭" અંગે માનનીય કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણજીની ઉપસ્થિતિમાં પરીસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રેલ્વે મંત્રીશ્રીએ આગામી ભારતીય રેલ્વે રોડ-મેપ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી તેમજ તમામ જરૂરી સુવિધઓથી સજજ સાથે ૧૩૦૯ જેટલા રેલ્વે સ્ટેશનોનું પુન:નિર્માણ કરવામાં આવશે. જેમાં રાજકોટની પસંદગી કરવામાં આવેલ છે. આ અંગે રેલ્વે મંત્રીશ્રીએ રાજકોટ ચેમ્બરને રાજકોટ રેલ્વે ડિવીઝન તરફથી તૈયાર થનાર થ્રી ડી મોડેલ ડિઝાઈન ઉપર સુચનો મોકલી આપવા ખાસ અનુરોધ કરેલ. જેથી રાજકોટ ડિઆરએમશ્રીને આ ડિઝાઈન તૈયાર કરવા રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.